સત્યમેવ જયતે

કેસ રજુ તારીખ : ૨૧/૧૨/૨૦૨૩
કેસ દાખલ તારીખ : ૨૧/૧૨/૨૦૨૩
કેસ ફેસલ તારીખ : ૨૩/૦૭/૨૦૨૪

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

**૨૦માં મે.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૫, મુ. અમદાવાદ.**

---

**ક્રિ. કેસ નં.૧૪૦૮૩૪/૨૦૨૩**
**આંક–**

**ફરિયાદી: શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી: મોહમદખાન ઉર્ફે મચમચ સાહીદઅલીખાન પઠાણ**
હાલ રહે. ડાહયાભાઈ કડીયાની ચાલી, મહાગુજરાત બેકરીવાળી ગલી, હુસેની મસ્જીદ પાસે, રખિયાલ,અમદાવાદ.

**ગુનો: ધી ઈ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦ મુજબ...**

---

**ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી પી.આર.જોષી**
**આરોપી તરફે લીગલના વિ.વકીલશ્રી એન.એ.મલેક**

---

## ઠ રા વ

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૦૯/૨૦૨૩ ના રોજ રાત્રીના બાર વાગ્યાના સમયગાળા દરમ્યાન ફરીયાદીશ્રી તથા તેમના પરીવારના સભ્યો સાહેદ નં.૬,૭ નાઓ જમી પરવારી ઘરનો દરવાજો ખુલ્લો રાખી પોતાના ત્રણ મોબાઈલ ફોન ચાર્જીગમાં મુકી સુઈ ગયેહ હતા અને સવારના કલાક છ વાગે જાગેલ ત્યારે ચાર્જીગમાં મુકેલ ત્રણ ફોન જોવા મળેલ નહી, જે ત્રણ મોબાઈલ પૈકી એક ઓપ્પો કંપનીનો એ૫૭

મોડલનો ગ્રીન કલરનો મોબાઈલ ફોન જેનો આઈએમઈઆઈ નં.૮૬૨૮૩૫૦૬૧૯૪૨૫૯૧ નો છે. જેની કિં.રૂા.૧૦,૦૦૦/– ગણાય બીજો વિવો કંપનીનો વાયર૧ ટી મોડલનો સફેદ કલરનો મોબાઈલ ફોન જેનો આઈએમઈઆઈ નં.૮૬૩૪૨૪૦૫૯૮૮૫૨૫૯ નો છે. જેની કિં.રૂા.૫૦૦૦/– ગણાય તથા ત્રીજો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન જેનું બીલ ફરીયાદી પાસે ન હોય તેનો આઈએમઈઆઈ નંબર જાણી શકાયેલ નહીં જેની કિં.રૂા.૩૦૦૦/– ગણી કુલ કિં.રૂા.૧૮,૦૦૦/– ની મત્તાના મોબાઈલ ફોન આ કામના આરોપીએ ફરીયાદીના મકાનમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન ફરીયાદીના ચોરાયેલ ફોન પૈકી વિવો કંપનીનો વાયર૧ ટી મોડલના મોબાઈલ ફોન સાથે મળી આવી તેમજ અન્ય બે મોબાઈલ ફોન પોતે અજાણ્યાને રૂા.૨૦૦૦/– માં વેચાણ કરી તે રૂા.૨૦૦૦/– વાપરી નાખી તેમજ તે સિવાય અન્ય ૦૪ મોબાઈલ ફોન સાથે મળી આવતા આરોપી વિરૂધ્ધ પ્રાથમિક પુરતા પુરાવા હોય આરોપી વિરૂધ્ધ, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ રખિયાલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે પાર્ટ એ. ગુ. ર. નં.૧૧૧૯૧૦૨૯૨૩૦૪૦૨/૨૦૨૩ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ઘી.ઈ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

૨. આ કામના આરોપીને સમન્સની કાયદેસરની બજવણી થઈ જતા આરોપી તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અંગેની ખાત્રી આંક–૧ લગત કરેલ છે. ત્યાર બાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખીત પુરાવો રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી શબાનાપરવીન બદરુદ્દીન અંસારીનાઓની જુબાની | ૪ |
| ૨ | ફરિયાદ | ૫ |
| ૩ | સાહેદ બદરુદ્દીન મયુદ્દીન અંસારીનાઓની જુબાની | ૬ |
| ૪ | કલોઝીંગ પુરસીસ | ૭ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ: ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દલીલો કરતા જણાવે છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૬. ફરિયાદ પક્ષે આક્ષેપ કર્યા મુજબની હકીકતો મુજબ આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે આ પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨/૦૯/૨૦૨૩ ના રોજ રાત્રીના બાર વાગ્યાના સમયગાળા દરમ્યાન ફરીયાદીશ્રી તથા તેમના પરીવારના સભ્યો સાહેદ નં.૬,૭ નાઓ જમી પરવારી ઘરનો દરવાજો ખુલ્લો રાખી પોતાના

ત્રણ મોબાઈલ ફોન ચાર્જીગમાં મુકી સુઈ ગયેહ હતા અને સવારના કલાક છ વાગે જાગેલ ત્યારે ચાર્જીગમાં મુકેલ ત્રણ ફોન જોવા મળેલ નહી, જે ત્રણ મોબાઈલ પૈકી એક ઓપ્પો કંપનીનો એ૫૭ મોડલનો ગ્રીન કલરનો મોબાઈલ ફોન જેનો આઈએમઈઆઈ નં.૮૬૨૮૩૫૦૬૧૯૪૨૫૯૧ નો છે. જેની કિં.રૂા.૧૦,૦૦૦/– ગણાય બીજો વિવો કંપનીનો વાયર૧ ટી મોડલનો સફેદ કલરનો મોબાઈલ ફોન જેનો આઈએમઈઆઈ નં.૮૬૩૪૨૪૦૫૯૮૮૫૨૫૯ નો છે. જેની કિં.રૂા.૫૦૦૦/– ગણાય તથા ત્રીજો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન જેનું બીલ ફરીયાદી પાસે ન હોય તેનો આઈએમઈઆઈ નંબર જાણી શકાયેલ નહીં જેની કિં.રૂા.૩૦૦૦/– ગણી કુલ કિં.રૂા.૧૮,૦૦૦/– ની મત્તાના મોબાઈલ ફોન આ કામના આરોપીએ ફરીયાદીના મકાનમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન ફરીયાદીના ચોરાયેલ ફોન પૈકી વિવો કંપનીનો વાયર૧ ટી મોડલના મોબાઈલ ફોન સાથે મળી આવી તેમજ અન્ય બે મોબાઈલ ફોન પોતે અજાણ્યાને રૂા.૨૦૦૦/– માં વેચાણ કરી તે રૂા.૨૦૦૦/– વાપરી નાખી તેમજ તે સિવાય અન્ય ૦૪ મોબાઈલ ફોન સાથે મળી આવતા આરોપી વિરૂધ્ધ પ્રાથમિક પુરતા પુરાવા હોય આરોપી વિરૂધ્ધ, ધી.ઈ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## <u>કારણો</u>

**<u>મુદ્દાનં. ૧:–</u>**

૮. આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષે **આંક–૦૪ થી ફરિયાદી શબાનાપરવીન બદરુદ્દીન અંસારી તથા આંક–૦૬ થી સાહેદ બદરુદ્દીન મયુદ્દીન અંસારી**નાઓને તપાસેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આજથી આશરે દસ માસ અગાઉ તેમના ઘરે રાત્રીના સુમારે ત્રણ મોબાઈલ ચાર્જીંગમાં મુકેલા તે ત્રણ મોબાઈલ કોઈ રાત્રે તેઓના ઘરેથી લઈ ગયેલ આ ત્રણેય મોબાઈલ કુલ રૂા.૧૮૦૦૦/– ની કિંમતના હતા. જેથી બનાવ સંબંધે રખિયાલ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ જે આંક–૦૫ થી ફરિયાદ રજુ છે. જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. આ ચોરી કોણે કરેલ તે તેમને ખબર નથી, આ સિવાય બીજુ કાંઈ જાણતા નથી, તેમને તેમનો એક મોબાઈલ પરત મળી ગયેલ છે. સદરહુ ફરીયાદી તથા સાહેદ ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોઈ, ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેઓની સુચકપ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

૯. ફરિયાદ પક્ષે આ કામે દસ્તાવેજી પુરાવામાં આંક–૫ થી ફરિયાદ તથા આંક–૭ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવતા વધુ પુરાવો નોંધવાનું બંધ કરવામાં આવેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષ</u>:–**

૧૦. પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઈપણ જગ્યાએ વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતીય પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ " PROVED " અને " NOT PROVED " શબ્દો ઉપર અવલંબે છે.

એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલિત છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન રજૂ કરી પ્રયાપ્ત પક્ષે આરોપી સામેની તહોમત નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

૧૧. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો સમગ્રપણે ધ્યાને લેતાં, આ કામે આંક–૪ થી તપાસેલ ફરિયાદીશ્રી તથા આંક–૬ થી તપાસેલ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે અને પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે આ ચોરી કોણે કરેલ તેની તેમને ખબર નથી, તેઓને એક મોબાઈલ પરત મળી ગયેલ છે તેવી હકીકત જણાવેલ છે. આમ, આંક–૦૫ ની ફરિયાદ હકીકતને ખુદ ફરિયાદીની જુબાની થકી સમર્થન મળતું નથી. ફરિયાદપક્ષ તર્ફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે પોલીસ સાહેદોએ આ કામ ના તહોમતદારને ચોરી ના ગુનેગાર તરીકે જણાવેલ છે પરંતુ તેઓ નું એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ કે કોઈ સાક્ષી રુબરુ ઓળખ પરેળ કરાવેલ હોવાની હકીકત જણાવેલ નથી કે કોઈ પુરાવો આપેલ નથી. આરોપી પાસ થી કોઈ ચોરી નો મુદ્દામાલ ની રીકવરી કે ડીશકવર થયેલ હોઈ તે દર્શાવતો પણ કોઈ ચોકકસ પુરાવો ફરીયાદ પક્ષ આ કામે રજુ કરી શકેલ નથી. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો કેસ નિશંકપણે પુરવાર કરેલા હોવાનું માની શકાય નહી. આ કામે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. **ઓથોરીટી ૨૦૦૭(૨) જી.એલ.એચ. ૨૧૬ના પ્રસ્થાપિત સિધ્ધાંત** મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરિયાદ પક્ષના રજુ પુરાવાથી આ કામના આરોપી વિરૂધ્ધ ધી ઈ.પી.કો.કલમ

૪૫૭, ૩૮૦ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

આ કામના **આરોપી: મોહમદખાન ઉર્ફે મચમચ સાહીદઅલીખાન પઠાણ** હાલ રહે. ડાહ્યાભાઈ કડીયાની ચાલી, મહાગુજરાત બેકરીવાળી ગલી,હુસેની મસ્જીદ પાસે, રખિયાલ,અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧) અન્વયે **ધી ઈ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦** મુજબના સજાને પાત્ર ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ બાબતે જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો અને હુકમ કરવામાં ન આવેલ હોય તો મુળ માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૭૫૦૦/- ના જાત જામીન આરોપીના લેવા, જે આ હુકમ તારીખથી છ માસ સુધી અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને જેલ મુકત કરવા યાદી કરવી.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૭/૨૦૨૪
મુ.અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)
૨૦માં એડી.ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.
**GJ00885**